भारतीय गैर न्यायिक

एक सौ रुपये

Rs. 100

रु. 100

ONE HUNDRED RUPEES

सत्यमेव जयते

भारत INDIA

INDIA NON JUDICIAL

ગુજરાત गुजरात GUJARAT

BB 963530

ક્રા. ......... ના સ્ટેમ્પ પેપર નં. .........

ખરીદનાર ......... ના રહીશ

શ્રી .........

હસ્તે ......... તા. .........

પરેશ એલ. પાદરીયા, સ્ટેમ્પ વેન્ડર
બાલાજી હોલ, ફર્સ્ટ ફ્લોર,
સરદાર પટેલ પાર્ક, ૧૫૦ ફૂટ રીંગ રોડ,
રાજકોટ. લા. નં. R.S.D. ૫૮/૨૦૦૩

NOTARY
R. C. Parsana
RAJKOT
Regd. No.
NTR/894/09
GOVT. OF GUJARAT (INDIA)

## —:: સોગંદનામુ કમ ડેકલેરેશન::—

આથી અમો નીચે સહી કરનાર મે. નંદ ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢી ના ભાગીદાર તથા અધિકૃત વહિવટકર્તા દરજજે (૧) શ્રી ધર્મેશભાઈ માધવજીભાઈ ભાલોડીયા તથા (૨) શ્રી વિરલ રસિકલાલ ભલાણી, બન્ને હિન્દુ, ઉ.વ.પુખ્ત, ધંધો. વેપાર, ઠે. બ્લોક નં. ૨૦૨, 'ઉજાસ એપાર્ટમેન્ટ, નાલંદા પાર્ક, શેરી નં. ૪, બેબી લેન્ડ સ્કુલ પાસે, કાલાવડ રોડ, રાજકોટ આથી અમારા ધર્માનુસાર સત્ય પ્રતિજ્ઞા ઉપર જાહેર કરીએ છે કે, :—

..૨..

V. R. Bhalani

V. R. Bhalani

૧. ગુજરાત રાજયના રાજકોટ જીલ્લાના રાજકોટ તાલુકાના મોજેગામ **રૈયા** ના **રેવન્યુ સર્વે નં. ૩૪/ પૈકી ૧** જેના ટી.પી.સ્કીમ નં. ૧૬ (ડ્રાફટ), એફ.પી. નં. ૪૮ પૈકીની જમીન **ચો.મી. ૧૪૩૨–૦૦** ના બીનખેડવાણ અને રહેણાકના હેતુ માટેની ઈમારત બાંધવાની મંજુરી વાળા જમીનના પ્લોટસ પૈકી **પ્લોટ નં. ૩** ની જમીન **ચો.મી. ૧૧૬૧–૨૯** ની જમીન ઉપર બાંધવામાં આવેલ **'નંદ નિકેતન'** તરીકે ઓળખાતી હાઈરાઈઝ બહુમાળી ઈમારત કે તેમાં આવેલ ફલેટ અમારી ભાગીદારી પેઢીની માલીકી અને કબજા ભોગવટાનો આવેલ છે અને અમોએ રજી. ભાગીદારી દસ્તાવેજ અનુક્રમ નં. ૩૦૫૧, તા. ૦૬/૦૫/૨૦૧૫ થી મે. નંદ ડેવલોપર્સના નામથી ચાલતી ભાગીદારી પેઢીના ભાગીદારો વચ્ચે કરવામાં આવેલ ભાગીદારી ડીડ મુજબ પેઢીમાં અમારા સહિત કુલ ૯ ભાગીદારો છે ત્યારબાદ પેઢીમાં કોઈ ફેરફાર થયેલ નથી તેમજ પેઢીના તમામ ભાગીદારોએ ઉપરોકત મિલ્કત સહિતની મિલ્કતનો વેચાણ, વહીવટ, વ્યવસ્થા કરવા અમો સોગંદનામુ કમ ડેકલેરશન કરનારને સદરહુ રજી. ભાગીદારી દસ્તાવેજ અનુક્રમ નં. ૩૦૫૧, તા. ૦૬/૦૫/૨૦૧૫ માં આપેલ સતા હાલ પણ અમલમાં છે જે કયારેય પરત ખેચેલ નથી.

૨. ઉપરોકત અમારા પ્રોજેકટ 'નંદ નિકેતન' કે તેમાં આવેલ ફલેટ અમોએ કોઈપણને વેચાણ આપવા આવેલ નથી કે અન્ય કોઈને ભાડેથી કે વેચાણ આપવા કોઈ કરાર કરેલ નથી કે અન્ય કોઈ રીતે કોઈને ટ્રાન્સફર, એસાઈન કે બક્ષીસ કરેલ નથી.

NOTARY
R. C. Parsana
RAJKOT
Regd. No.
NTR 8904/09
GOVT. OF GUJARAT (INDIA)

સદરહુ અમારા પ્રોજેકટ 'નંદ નિકેતન' ઉપર અમે અન્ય કોઈપણ બેન્ક, વ્યકિત, સંસ્થા કે પેઢીમાં લોન મેળવેલ નથી કે જામીનગીરી સ્વીકારેલ નથી કે અન્ય કોઈ રીતે કરજ, ગીરો, સાનગીરો, બોજો ઉભો કરેલ નથી.

૪. સદરહુ અમારા પ્રોજેકટ 'નંદ નિકેતન' ઉપર અન્ય કોઈનું લેણુ કે બોજો નથી કે કોઈ પ્રકારે લાગભાગ, હકક, હિત હિસ્સો નથી.


૫. સદરહુ અમારા પ્રોજેકટ 'નંદ નિકેતન' ને લગતા તમામ પ્રકારના આજદિન સુધીના વેરા ભરપાઈ કરી આપેલ છે.

૬. સદરહુ અમારા પ્રોજેકટ 'નંદ નિકેતન' અંગે કોઈપણ કોર્ટ કચેરીમાં દરદાવા કે વાંધા તકરાર પેન્ડીંગ નથી. તેમજ સદરહુ મિલ્કત અંગે કોઈપણ પ્રકારનો એટેચ્મેન્ટનો હુકમ થયેલ નથી કે કોઈપણ પ્રકારનો મનાઈ હુકમ નથી તેમજ ઉપરોકત મિલ્કતથી હુકમનામાનો અમલ કરવા માટે કોઈ દરખાસ્ત પેન્ડીંગ નથી.

૭. ઉપરોકત અમારા પ્રોજેકટ 'નંદ નિકેતન' વાળી જમીનનો અસલ વેચાણ દસ્તાવેજ નં. ૩૨૭૬, તા. ૨૫/૦૫/૨૦૧૭ ના રોજનો તથા અસલ દસ્તાવેજો સહિતની અસલ ફાઈલ અમારી પેઢીની કસ્ટડીમાં છે જે અન્ય કોઈને ગીરો માંડી આપેલ નથી કે પ્લેઝમાં સોંપી આપેલ નથી.

૮. અમારા દ્વારા સદરહુ અમારા પ્રોજેકટ 'નંદનિકેતન' વાળી પરિયોજના એપ્રિલ–૨૦૧૯ સુધીમાં અમોએ પૂરી કરવામાં આવશે.

૯. સદરહુ મિલ્કત માહેના ખરીદનાર પાસેથી અમો વેચનાર દ્વારા વખતોવખત મેળવવામાં આવેલી રકમોના ૭૦ટકા બાંધકામ અને જમીન સબંધી ખર્ચ માટે શિડયુલ્ડ બેન્કમાં રાખવામાં આવશે અને તેનો ઉપયોગ તેજ હેતુ માટે કરવામાં આવશે.







ARY
rsana
OT
No.
94/09
(INDIA)

૧૦. અમો, પ્રત્યેક નાણાકીય વર્ષ પુરૂ થયાના છ માહિનાની અંદર હિસાબાનું ઓડિટ, જેના પ્રેકટીસ ચાલુ હોય તેવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ પાસે કરાવીશુ અને આવા ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા યોગ્ય રીતે પ્રમાણીત કરવામાં આવેલુ અને તેમની સહી સાથેનું હિસાબ પત્રક રજુ કરીશું અને ઓડિટ દરમીયાન એ બાબતની ખરાઈ કરવામાં આવશે અને અમારા પ્રોજેકટ નંદ નિકેતન સબંધે એકઠી કરવામાં આવેલ રકમનો ઉપયોગ તે માટેજ કરવામાં આવ્યો છે.

૧૧. અમો સદરહુ મિલ્કતની જરૂરી મંજુરીઓ મેળવેલ છે છતા પણ લેવાની થતી અન્ય તમામ પડતર મંજુરીઓ સમયસર મેળવી લઈશું.

૧૨. અમોએ, અધિનિયમ હેઠળ ઘડવામાં આવેલા નિયમો અને વિનિયમો અન્વયે નિર્દિષ્ટ કરવામાં આવ્યા હોય તેવા અન્ય દસ્તાવેજો રજુ કર્યા છે.

ઉપરની તમામ હકીકત ખરી હોવાનું સોગંદ ઉપર જાહેર કરીએ છીએ.

રાજકોટ

તા.૨૩ / ૯ /૨૦૧૭



........................................



V. R. Bhalala

........................................

એકરાર કરનાર

NOTARY R. C. Parsana RAJKOT Regd. No. NTR/894/09 GOVT. OF GUJARAT (INDIA)

**ખરાઈ**

અમારા ઉપર મુજબના સોંગદનામા સહ એકરારનામામાં જણાવવામાં આવેલી વિગતો સાચી અને ખરી છે, અને તે અંગે મેં કશુ છુપાવ્યુ નથી.

અમારા દ્વારા આજે તા.૨૩ /૯ /૨૦૧૭ ના રોજ ખરાઈ કરવામાં આવી.

Identified by

Advocate, RAJKOT

........................................

V. R. Bhalala

........................................

એકરાર કરનાર

NOTARIAL NOTARIAL

NOTARY P. C. Parsana RAJKOT Regd. No. NTR/894/09 GOVT. OF GUJARAT (INDIA)

NOTARIAL NOTARIAL

(1) Dharmeshbhai M. Bhalodiya

SOLEMNLY AFFIRMED BEFOR ME BY

(2) Vibhabhai R. Bhalala WHO IS

IDENTIFIED BY SHRI A. R. Gadhave

ADVOCATE WHO IS PERSONALLY KNOW TO

ME ON THIS 23 DAY TO Sep 2017

R. C. PARSANA

NOTARY

Page No. 521/2017

Serial No. 11580

Receipt No. 11580

Date 23/9/2017